19

Annexure-3

કોરોનાથી આંશિક

(પ્રતિનિધિ, અમદાવાદ)

અમદાવાદ, ૧૦મી મે

[illegible]

કાળાબજાર કોલ

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

દિલ્હીની વાત

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

ગુમલાખોર પાર્ટીમાં સામેલ એક યુવતીનો બોયફ્રેન્ડ જ હતો

કોલારાડોના એક ઘરમાં ચાલતી બર્થ ડે પાર્ટીમાં ગોળીબાર : ૬ નાં મોત

(વિદેશનાં)

[illegible]

ગુમલાખોરે છ લોકોને મોતને ઘાટ ઉતાર્યા પછી પોતાને પણ ગોળી મારી આત્મહત્યા કરી લીધી

[illegible]

જમાનંદ સોનાબાઈ 'અકલ્પના અવસ્થી'

[illegible]

પેટ્રોલ-ડીઝલના

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

ગુજરાતમાં કોરોનાનાં

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

લવ જેહાદ અને લેન્ડ જેહાદ અંગેના વચનો પૂરા કરીશું : હિમંત બિસ્વા

[illegible]

બોર્ડર સાથે જોડાયેલા જિલ્લાઓમાં ૨૦ ટકા અને અન્ય જિલ્લાઓમાં ૧૦ ટકા રી-વેરિફિકેશન કરાશે : સીએમ બન્યા બાદ બિસ્વાની ખાતરી

[illegible]

અમેરિકામાં સીધી

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

ગુમલાથી અમેરિકાના કયા કયા રાજ્યોને અસર

[illegible]

અકસ્માતમાં નોંધાયો

(પ્રતિનિધિ, અમદાવાદ)

[illegible]

વોકઈન ઈન્ટરવ્યૂ

[illegible]

ટેન્ડર નોટિસ

[illegible]

ટેન્ડર નોટિસ

[illegible]

ટેન્ડર નોટિસ

[illegible]

ગુજરાત લાઈસન્સિંગ, ગુજરાત સ્ટોક એક્સચેન્જ લિમિટેડ

[illegible]

Annexure-4



ભારે પવન ફૂંકાતા ગ્લાસ બ્રીજ તૂટ્યો, ટુરિસ્ટ ૩૩૦ ફૂટ અધ્ધર લટકતો રહી ગયો

ચીનના લૉંગજિઆંગ શહેરમાં પિયાન પર્વત પરના એક રિસોર્ટમાં બનાવવામાં આવેલ કાચના તળિયાવાળા એક બ્રીજ પરથી એક પર્યટક અધ્ધર લટકી રહ્યો હોય તેવી તસવીરો હાલમાં વાઇરલ થઇ રહી છે. અહેવાલો મળે છે કે કલાકના ૯૦ માઇલ જેટલી ઝડપે સાપ્તત પવન ફૂંકાતા આ ગ્લાસ બ્રિજના તળિયાની એક ગ્લાસ પેનલ ઉખડીને ફેંકાઇ ગઇ હતી જેને કારણે પહેલી બખોલમાંથી આ ટુરિસ્ટ નીચે ઉતરી પડ્યો હતો અને ફસાઇ ગયો હતો. છેક ૩૩૦ ફૂટ જેટલી ઉંચાઇએ તે અધ્ધર લટકી રહ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ત્યાં દોડી આવેલા ફાયર ફાઇટરો, વન વિભાગના કર્મચારીઓ અને ટુરિઝમ કામદારો આ પર્યટકને બહાર કાઢીને સલામત સ્થળે લઇ ગયા હતા. હવામાં અધ્ધર લટકતા આ પર્યટકની તસવીરો ચીનની સોશ્યલ મીડિયા સાઇટ વેઇબો પર ઘણી વાયરલ થઇ હતી.

આ વખતે પરપ્રાંતીય શ્રમિકોને મફત અનાજ વહેંચવાની શક્યતાનો સરકારનો ઈન્કાર

અત્યારે ગયા વર્ષ જેવું સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી, ઉદ્યોગો ચાલુ છે અને ગભરાટ પણ નથી

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઈ): સરકારે સ્થળાંતરિતોને મફત અનાજ આપવાની શક્યતા સરકારે આજે નકારી કાઢતા કહ્યું હતું કે ગભરાટની કોઇ સ્થિતિ નથી અને ગયા વર્ષ જેવું સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી.

અલબત્ત, સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વધારાનું મફત અનાજ બે મહિના - મે અને જૂન - માટે ૮૦ કરોડ રેશન કાર્ડ ધારકોને વહેંચવાનું શરૂ કરી જ દીધું છે. સરકારે જણાવ્યું હતું કે પીએમજીકેએવાય હેઠળ મફત અનાજની વહેંચણીથી ખુલ્લા બજારમાં કિંમતો પર કોઇ અસર થશે નહીં. માઇગ્રન્ટ ફોટોકી એટલી મોટી નથી જેટલી ગયા વર્ષ હતી...સંપૂર્ણ રાષ્ટ્રીય લોકડાઉન નથી. તે લોકલ લોકડાઉન છે.

ઉદ્યોગો કામ કરે છે. સંપૂર્ણ લોકડાઉન નથી. ગભરાટ પણ નથી એમ અન્ન સચિવ સુધાંશુ પાંડેએ એક વર્ચ્યુઅલ પ્રેસ મીટમાં કહ્યું હતું. તેઓ એવા એક પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા કે સરકારે ૧૩ માટે કોવિડ-૧૯ વર્ષેલા કેસો વચ્ચે સ્થળાંતરિતો માટે મફત અનાજની યોજના જાહેર કરી નથી. ગયા વર્ષ સરકારે સ્થળાંતરિતો અને ફસાયેલા સ્થળાંતરિતો માટે ૬.૪૦ લાખ ટન અનાજની મફત વહેંચણી કરી હતી.

દેશમાં એપ્રિલ મહિનામાં 34 લાખ પગારદાર લોકોએ નોકરી ગુમાવી

નવી દિલ્હી, તા.૧૦ દેશમાં કોરોના મહામારીના કારણે રોજગાર સંકટને વધુ વધી રહ્યું છે. અહેવાલો અનુસાર, માત્ર એપ્રિલ મહિનામાં જ 34 લાખ પગારદાર લોકોનો રોજગાર ગુમાવી હતી. નાના-ઉદ્યોગપતિમાં પણ કોરોનાથી બચવા માટે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે નારાજ છે. લોકડાઉનને લીધે નાના ધંધા પડી ભાંગ્યા છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમી (સીએમઆઈઇ)ના અનુસાર, એપ્રિલમાં કુલ 73.5 લાખ નોકરીઓ ગઈ છે. જેના કારણે બેરોજગારીનો દર માર્ચમાં 6.5 ટકાથી વધીને એપ્રિલમાં 9.37 ટકા થઈ ગયો હતો. સીએમઆઈઇના મેનેજિંગ ડિરેક્ટર મહેશ વ્યાસે જણાવ્યું હતું કે, લોકડાઉન અને આર્થિક મંદીના કારણે ગ્રામીણ વિસ્તારોમાં નાના ઉદ્યોગોને પણ ગંભીર અસર થઈ છે.



હમાસે જેરૂસલેમ તરફ રોકેટો છોડ્યા: ઈઝરાયેલ-પેલેસ્ટાઈન વચ્ચે ભારે તનાવ

સમાહોથી ચાલતી અથડામણથી સર્જાયેલો તનાવ વધુ તીવ્ર બન્યો

જેરૂસલેમ, તા. ૧૦(એપી): ગાઝા પટ્ટીમાંથી હમાસના ઉગ્રવાદીઓએ આજે જેરૂસલેમ તરફ રોકેટો ઘ્રાવા હતા, જેને પગલે જેરૂસલેમમાં સવાઇ હુમલાની સાયરનો ગાજી ઉઠી હતી. જ્યારે આ વિવાદસ્પદ પવિત્ર શહેરના એક ધાર્મિક સ્થળ પર ઇઝરાયેલી પોલીસ સાથેની અથડામણમાં સેંકડો પેલેસ્ટાઈનીઓએ ઈજા થઈ હતી.

જેરૂસલેમમાં કેટલાક સપ્તાહથી ઇઝરાયેલી પોલીસ અને પેલેસ્ટાઈની દેખાવકારો વચ્ચે અથડામણો ચાલી જ રહી છે જેમાં આજે વહેલી સાંજના આ રોકેટ હુમલાથી તનાવમાં ઓર વધારો થયો છે. સાયરનો વાગી ઉઠી તના ટૂંક સમય પછી જેરૂસલેમમાં પ્રકાશનો સંભળાયા હતા. કોઈને ઈજા કે નુકસાનના તત્કાળ કોઈ અહેવાલ મળ્યા ન હતા. ઇઝરાયેલી લશ્કરે જણાવ્યું હતું કે શરૂવાતમાં સાત રોકેટો છોડાયા હતા જેમને આંતરી લેવામાં આવ્યા હતા પણ રોકેટો છોડવાનું ચાલુ જ રહ્યું હતું.

હમાસની લશ્કરી પાંખના વડા અબુ ઓબેદાએ કહ્યું હતું કે જેરૂસલેમમાં ઇઝરાયેલના અપરાધો અને આક્રમણના જવાબમાં આ હુમલો છે. તેમણે ધમકી આપી હતી કે જો ઇઝરાયેલ પવિત્ર અલ-અક્સા મસ્જિદ કમ્પાઉન્ડમાં ઘૂસણખોરી કરશે અથવા તો પૂર્વીય જેરૂસલેમની વસાહતમાંથી પેલેસ્ટાઈની કુટુંબોને ખાલી કરાવશે તો આવા વધુ હુમલા થશે.

અદભૂત બાળઉછેર કરતું હંસ યુગલ...!

માણસ સિવાયના પ્રાણીઓમાં બાળઉછેર મોટે ભાગે માદા કરતી હોય છે અને તે પણ મર્યાદિત પ્રમાણમાં અને મર્યાદિત સમય માટે જ. પરંતુ કેટલીક જૂજ પશુ-પક્ષીઓની પ્રજાતિમા, ખાસ કરીને કેટલાક પક્ષીઓમાં નર પણ બાળ ઉછેરમાં જોડાતો અને પિતૃત્વની ફરજ અદા કરતો જોવા મળે છે. હાલમાં ઇંગ્લેન્ડના ડેવોનના ટાઇવરટોન ખાતેના એક જળાશયમાં એક હંસ યુગલ પોતાના હંસ બચ્ચાઓની અદભૂત માવજત કરતું જોવામાં આવ્યું હતું. ટાઇવરટોનની ગ્રાન્ડ વેસ્ટર્ન કેનાલમાં જોવા મળ્યું હતું કે એક માદા અને નર હંસની વચ્ચે તેમના દસ બાળકડા બચ્ચાઓ લાઇનબંધ રીતે તરી રહ્યા હતા. બચ્ચાઓ પાણીના પ્રવાહમાં સરકી રહ્યા હતા અને આગળપાછળ તેમના માતા-પિતા હતા. બચ્ચાઓ આડા આવવા નહીં થાય તેની બરાબર કાળજી હંસોની આ જોડી રાખી રહી હતી. પાણીમાં તરી રહેલા આ હંસો અને તેમના બચ્ચાઓનું દ્રશ્ય કોઇ પરીકે જેવું દેખાતું હતું અને ત્યાંથી પસાર થતા લોકો આ દ્રશ્યને પોતાના કેમેરામાં ઝડપી લેવાની લાલચ રોકી શક્યા ન હતા.

બંગાળમાં ભાજપના તમામ ૭૭ ધારાસભ્યોને કેન્દ્રીય સુરક્ષા કવચ મળશે

નવી દિલ્હી, તા. ૧૦(પીટીઆઈ): પશ્ચિમ બંગાળમાં ભાજપના તમામ નવા ચૂંટાયેલા ૭૭ ધારાસભ્યોને તેમના પર સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય અર્ધલશ્કરી દળોનું સુરક્ષા કવચ આપવામાં આવશે એમ સત્તાવાર સૂત્રોએ આજે જણાવ્યું હતુ.

તેમણે જણાવ્યું હતું કે ધારાસભ્યોને સીઆઈએસએફ અને સીઆરપીએફના સશસ્ત્ર કમાન્ડોઝ દ્વારા રક્ષણ આપવામાં આવશે. બંગાળમાં ચૂંટણી પછીની હિંસાના સંજોગોમાં કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા મોકલવામાં આવેલી ઉચ્ચ સ્તરીય કહીકત શોધ સમિતિના અધિકારીઓ દ્વારા અપાયેલ માહિતી અને કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલની નોંધ લઈને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ કવચ મંજૂર કર્યું છે.

નેપાળના વડાપ્રધાન ઓલીએ વિશ્વાસનો મત ગુમાવ્યો

કાઠમંડુ, તા.10 (પીટીઆઈ) હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ઓછામાં ઓછા 136 મતોની આવશ્યકતા હતી. કારણ કે, હાલમાં ચાર સભ્યો સસ્પેન્શન હેઠળ છે.

સ્પીકર અગ્નિ સપકોટાએ જાહેરાત કરી હતી કે, જેમાંથી કુલ 124 સભ્યોએ વિશ્વાસ મતની વિરુદ્ધમાં મત આપ્યો હતો. જ્યારે 15 સભ્યો તટસ્થ રહ્યા હતા.આ સત્રમાં કુલ 232 ધારાસભ્યોએ ભાગ લીધો હતો.

જેથી હવે વડાપ્રધાન ઓલીએ આર્ટિકલ 100 (3) મુજબ જાતે પોતાના પદથી રાજીનામું આપી દેવું પડશે.ગયા અઠવાડિયે પ્રચંડના નેતૃત્વમાં નેપાળ કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા સરકારને પોતાનો ટેકો પાછો ખેંચી લીધા બાદ ઓલીની સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી.

અમિતાભ બચ્ચને કોવિડ કેર સેન્ટરને ૨ કરોડ રૂપિયાનું દાન આપ્યું

નવી દિલ્હી, તા.૧૦ (પીટીઆઈ) મેગાસ્ટાર અમિતાભ બચ્ચને અહીંના ગુરૂદ્વાર સ્કાઇ ગંજ સાહિબ ખાતે શ્રી ગુરૂ તેગ બહાદુર કોવિડ કેર સેન્ટરને કોરોના સંકટ સામે લડવામાં મદદ માટે ૨ કરોડની સહાય આપી હતી.

આ માહિતી દિલ્હી શીખ ગુરૂદ્વારા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ મનજિંદર સિંઘ સિરસાએ ટ્વિટર પર શેર કરી હતી. સિરસાએ રવિવારે લખ્યું હતું કે, બચ્ચન જુલે શ્રી ગુરૂ તેગ બહાદુર કોવિડ કેર સુવિદ્યામાં ૨ કરોડ રૂપિયાનું યોગદાન આપતા કહ્યું કે, તેમની સેવાને સલામ કરે છે.

તેમણે કહ્યું કે, જ્યારે દિલ્હી ઓક્સિજન સપ્લાયની તંગીનો સામનો કરી રહ્યું હતું ત્યારે બચ્ચન દરદોજ સુવિદ્યાની સ્થિતિ અંગે પૂછતા હતા. આ સેન્ટર સોમવારથી ચાલુ થયું છતું જેમાં 300 બેડ છે. બીજી ટ્વિટમાં સિરસાએ માહિતી આપી હતી કે, બચ્ચને આ સુવિદ્યા માટે વિદેશથી ઓક્સિજન સિલિન્ડરોની પણ વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે, બચ્ચન એક રીઅલ લાઇફ હિરો છે.

સલમાન ખાનની બે બહેનો - અલવીરા અને અર્પિતાને કોરોના

મુંબઇ, તા.10 સલમાન ખાનની બે બહેનો અલવીરા અગ્નિહોત્રી અને અર્પિતા શર્માને કોરોનાનો ચેપ લાગ્યો છે ... અંગે સલમાન ખાને મીડિયાને જાણી હતી. સલમાન ખાનની ઇ'ના ઓટીટી પ્લેટફોર્મમાં ...વવા અંગે મીડિયા સાથેના ...વેબિનર દરમિયાનની એક સવાલના જવાબમાં સલમાન ખાને કહ્યું હતું કે, તેમની બંને બહેનો - અલવીરા અને અર્પિતા કોરોનાગ્રસ્ત થઈ છે. સલમાને કહ્યું કે, કોરોનાની પ્રથમ લહેર કરતાં બીજી લહેર વધુ જોખમી છે. આ લહેરે દરેક ઘરમાં પ્રવેશ મેળવ્યો છે. સલમાનની 31 વર્ષીય બહેન અર્પિતા ખાને વર્ષ 2014માં આયુષ શર્મા સાથે લગ્ન કર્યા હતા. જ્યારે 51 વર્ષીય અલવીરા જે કોસ્ટ્યુમ ડિઝાઇનર તરીકે પણ જાણીતી છે તેણે 1996માં અભિનેતા અતુલ અગ્નિહોત્રી સાથે લગ્ન કર્યા હતા.

તારક મહેતા સિરિયલનાં 'બબીતા'ના એક શબ્દના કારણે થયો હોબાળો, માફી માગી

નવી દિલ્હી, તા.૧૦ કોમેડી સિરિયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં બબીતા જીની ભૂમિકા ભજવીને લોકપ્રિય બનેલી અભિનેત્રી મુનમુન દત્તા ને એક બહુ મોંઘી પડી હતી. એક ચૂટ્યુબના વીડિયોમાં મુનમુનની જીભ લપસી ગઈ હતી જેના કારણે સોશિયલ મીડિયામાં હોબાળો મચી ગયો હતો. ત્યારબાદ સોમવારે ટ્વિટર પર હેશટેગ ArrestMunmunDutta ટ્રેન્ડ થવા લાગ્યું હતું. પરંતુ, આ અંગે મુનમુન દત્તાએ ઇન્સ્ટાગ્રામ પર પોસ્ટ લખીને માફી માંગી હતી. અને લેખ્યેલ પ્રોબ્લેમનું કારણ આપ્યું હતું.

અમેરિકાના કોલોરાડોમાં બર્થ ડે પાર્ટીમાં લોહીની હોળી: એક શખ્સે ગોળીબાર કરીને છને મારી નાખ્યા

હુમલાખોરે બાદમાં પોતાને જ ગોળી મારીને આત્મહત્યા કરી: જેના જન્મ દિનની ઉજવણી ચાલતી હતી તેનું પણ મોત: હુમલા પાછળનો હેતુ તત્કાળ જાણી શકાયો નહીં

કોલોરાડો સ્પ્રિંગ(અમેરિકા), તા. ૧૦(એપી): કોલોરાડોમાં જન્મ દિનની એક પાર્ટીમાં એક શખ્સે ગોળીબાર કરીને પુખ્ત વયના છ જણાને મારી નાખ્યા હતા, તથા બાદમાં પોતે આપઘાત કર્યો હતો.

સ્થાનિક સમય પ્રમાણે રવિવારે મધરાત પછી આ બનાવ બન્યો હતો. કોલોરાડો સ્પ્રિંગ્સની પૂર્વ બાજુએ એક મોબાઈલ હોમ પાર્કમાં આ ઘટના બની હતી એમ પોલીસે જણાવ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પન્ની ગયા હતા અને તેમને જોવા મળ્યું હતું કે પુખ્ત વયના છ જણા મરેલા પડેલા હતા તથા ગંભીર ઇજાઓ સાથે એક શખ્સ પડેલો હતો જેનું બાદમાં હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું એમ કોલોરાડો સ્પ્રિંગ્સ ગેઝેટે અહેવાલ આપ્યો હતો.

ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નોટિસ

ટોરેન્ટ પાવર લીમીટેડ, અરજદાર, દ્વારા GERC (Procurement of Energy from Renewable Sources) Regulations, ૨૦૧૭ના નિયમ ૬ ૧ અને ૮ ૨ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦ માટે રીન્યુબલ સોર્સ ઓફ એનર્જીની ન્યૂનતમ લીંક ખરીદના ચુકાદા માટેની અરજી (અરજી ન ૧૯૦/૨૦૨૧) નામદાર ગુજરાત વિજળીની રેગ્યુલેટરી કમિશન સમક્ષ દાખલ કરેલ છે.

નામદાર કમિશનના આદેશ અનુસાર, અરજદારે પ્રકાશની પહેલી તારીખ/સૂચના મોકલવા બાદ આ નોટીસ પોર્ટર કરેલ છે. આ અરજીની નકલ કંપનીની વેબસાઇટ http://www.torrentpower.com/index.php/regulatory/renewable પર ઉપલબ્ધ છે.

આથી જાહેર સૂચના સાવધાન આવે છે કે પ્રોજેક્ટ અરજી સામે જે વ્યક્તિઓને પોતાના હોદ્દા/સૂચનો રજુ કરવામાં રસ હોય તેમણે પોતાની અરજી લેખિતમાં તાર્યે પાંચ દિવસ મેસર્સટી, ગુજરાત વીજ નિયમન પંચ, ૭૬૬ માર્ગ, બોક્ટ વન, સેક્ટર ૧૧ સી., ગાંધીનગર, ગીફટ સીટી, ગાંધીનગર - ૩૮૨ ૩૫૫ ને આ નોટિસ પછી કરવામાં નહીંમ કી સ્ટ દિવસની અંદર મોકલી આપવાની રહેશે અને તેની એક નકલ નીચે સહી કરનારને પણ મોકલવાની રહેશે.

ટોરેન્ટ પાવર લીમીટેડ
"સમ્યક", ૬૦૩, સાર્થક,
સાયન્સી એમ્ફલાઇ ૩૮૦ ૦૯૬
CIN: L31200GJ2004PLC044068
તારીખ ૧૧મી મે, ૨૦૨૧

ટોરેન્ટ પાવર લીમીટેડ વતી
સહી/-
નાયબ પ્રેસીડન્ટ
(કોર્પોરેટ અફેર્સ)

પશ્ચિમ રેલવે

ઈ-ટેન્ડર માટે આમંત્રણ નોટિસ

મંડળ - ડીસા(WWM 2021/2), તારીખ 07/05/2021 ડિવિઝનલ રેલવે મેનેજર (ઓપરેટિંગ) મુખ્ય ડિવિઝન, પશ્ચિમ રેલવે, નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર મારફતે અરજીઓ આમંત્રિત કરવા ડિવિઝન પર ઓફર કરવામાં આવે છે. ઈ-ટેન્ડર માટે અરજદાર ઓફર કરેલ ટેન્ડર દસ્તાવેજ મેળવી શકે છે. ઈ-ટેન્ડર મારફતે ટેન્ડરોના સમયમાં ફેરફાર અથવા રદ્દ કરવાનો અધિકાર રેલવે પાસે છે.

ક્રમ	ટેન્ડર નોટિસ નં.	સ્ટેશન	કિંમતી બોક્સ	જગ્યા	પ્રતિ બીડ અરજીની કિંમત (રૂ.માં)	બેયાના કિંમત (રૂ.માં)
1	CONTRACT MISC. 1/2021	[illegible]	AT	[illegible]	2,97,500	29,000
2	CONTRACT HPING 1/2021	[illegible]	AT	[illegible]	3,41,000	34,000
3	CONTRACT VMD/19	[illegible]	X	[illegible]	2,59,500	25,900
4	CONTRACT UDD/10	[illegible]	X	[illegible]	1,74,000	17,400
5	CONTRACT VVA/01	[illegible]	D	[illegible]	11,750	1,200
6	CONTRACT VVA/02	[illegible]	D	[illegible]	11,750	1,200
7	CONTRACT VVA/23	[illegible]	D	[illegible]	11,750	1,200
8	CONTRACT CHM/31	[illegible]	D	[illegible]	32,250	3,300
9	CONTRACT CHM/21	[illegible]	D	[illegible]	33,750	3,400
10	CONTRACT MHD/10	[illegible]	F	[illegible]	9,500	1,000
11	CONTRACT MHD/24	[illegible]	L	[illegible]	9,250	1,000
12	CONTRACT BIV/01	[illegible]	F	[illegible]	9,500	1,000
13	CONTRACT BIV/02	[illegible]	F	[illegible]	10,000	1,000

ઓફરકર્તા/ટેન્ડરિંગ કરનારે ઓફર કરી ટેન્ડર નોટિસ/ઈ-ટેન્ડરિંગ મેકેનીઝમ દ્વારા ઓફર કરી ટેન્ડર નોટિસ સાથે સંકળાયેલ વિગતવાર ટેન્ડર દસ્તાવેજ www.rmpa.gov.in પર રૂપે ઈ-ટેન્ડર પોર્ટલ પર ઓફર કરવામાં આવશે. ટેન્ડર તારીખ 07/06/2021 ના રોજ 15:00 કલાક સુધી. માત્ર અધિકૃત વેબસાઈટ www.eprocure.gov.in પર ઈ-ટેન્ડર સુધારાની તારીખ અને સમય 07.06.2021 ના રોજ 15.00 કલાક માત્ર અધિકૃત વેબસાઈટ www.eprocure.gov.in પર ઈ-ટેન્ડર સુધારાની તારીખ અને સમય 07.06.2021 ના રોજ 15.00 કલાક.

ચેરિટી કમિશનર સમક્ષ અરજી આવ્યા બાદ ટ્રસ્ટ સામે કાર્યવાહી , દસ્તાવેજો પણ રજૂ કરવા હુકમ

મેવાણીએ દાન માટે અપીલ કરી તે ટ્રસ્ટનું બેંક એકાઉન્ટ સ્થગિત

» 2003માં રજિસ્ટર ટ્રસ્ટના નામે જ 2021માં ટ્રસ્ટની રચના કરી ફંડ ઉઘરાવવામાં આવતું હતું

» મહામારીમાં ટ્રસ્ટના ઓથા હેઠળ ફંડ ફાળો ઉઘરાવતા લોકોની પોલીસને જાણ કરો: ચેરિટી કમિશનર

નવગુજરાત સમય > અમદાવાદ

વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી જે ટ્રસ્ટ થકી ઑક્સિજન પ્લાન્ટ માટે ₹ 5ા લાખનો ફાળો ઉઘરાવી રહ્યા હતા તે ટ્રસ્ટના બેંક એકાઉન્ટને ચેરિટી કમિશનર દ્વારા સ્થગિત કરવાનો હુકમ કર્યો છે. ચેરિટી કમિશનર ફંડમાં મેવાણીની દાન માટેની અપીલ બાદ લેખિતમાં અરજી આવી હતી. જેથી ચેરિટી કમિશનર વાય. એમ.શુક્લાએ ટ્રસ્ટના રેકર્ડની તપાસ કરી હતી. જેમાં મેવાણી ટ્રસ્ટી ન હોવાનું જણાયું હતું. જેથી ટ્રસ્ટ પાસે વિવિધ મુદ્દે ખુલાસો માગતા જવાબ ન મળતા બેંક એકાઉન્ટ સ્થગિત કરી તમામ દસ્તાવેજો રજૂ કરવા આદેશ કર્યો છે. ઉપરાંત કુદરતી હોનારત અને મહામારીમાં અમુક તત્ત્વો ફંડ ફાળો ઉઘરાવતા હોય તો તેની જાણ તાત્કાલીક પોલીસ અથવા વહીવટી તંત્રને કરવા માટે ચેરિટી કમિશનર દ્વારા અપીલ કરવામાં આવી છે.

કુદરતી આપત્તિ અને મહામારીની આફતોમાં ગુજરાતના ટ્રસ્ટો અને સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી ખુબ જ સારી અને સમાજને ઉપયોગી સાબિત થાય છે. તાજેતરમાં કોવિડની મહામારીમા પણ ગુજરાતમાં અત્યારે અસંખ્ય ટ્રસ્ટો કોવિડના દર્દીઓ અને તેના કુટુંબીજનોને મદદરૂપ થવામાં પ્રયત્ન છે. આ ટ્રસ્ટો ખુબ જ સારી કામગીરી બજાવી રહ્યા છે. પરંતુ છેલ્લા થોડા સમયમાં અમુક તત્ત્વો સેવાના ઓથા હેઠળ ટ્રસ્ટ ખોલી પોતાના અંગત હિતો માટે ટ્રસ્ટોના નામે સમાજની લાગણી સાથે ચેડાં કરતા હોવાનું માલૂમ પડ્યું છે. 2021માં એક ટ્રસ્ટ જેના ટ્રસ્ટીઓ સમાજના માંધાતાર વ્યક્તિઓ હતા તેમણે ટ્રસ્ટ બનાવ્યું હતું. જેનું નામ વી ૫ પીપલ ચેરીટેબલ સોસાયટી નામ રાખવામા આવ્યુ હતું. જેમાં ટ્રસ્ટી તરીકે નરસરિ માવલંકર, મફલુલ અનુગાઈ, રિટાર્ડ હાઈકોર્ટ જજ અબ્દુલ મક્તા, કલ્પના ત્રિકમલાલ, અરવિંદ દેસાઈ, વીર્તી શાહ અને ગોરંગ દિવેચીના હતા. આવા મહાનુભાવોને સમાન ઉપયોગી પ્રવૃત્તિઓ માટે એક ટ્રસ્ટની રચના કરી હતી અને ટ્રસ્ટ ચાલે છે. જ્યારે જાનુઆરી-2021માં આ જ નામથી બીજુ એક ટ્રસ્ટ ખોલવામાં આવ્યું છે, જેના પ્રમુખ કમલેશ કટારીયા છે. એકતરી ખોગવાઈ મુજબ જો કોઈ એમ્બ્યુઝી થવાના ચાન્સીસ હોય તો આવા ટ્રસ્ટોની નોંધણી ન થઈ શકે. ચેરિટી કમિશનર કમ્પેરીમા મેવાણી ચેરિટી કરિયાદ આવી હતી કે. વી ૫ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટના નોંધ હઠળ પડ્યામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા જાહેર અપીલ કરવામાં આવેલીછે કે, ટ્રસ્ટના નોંધ હેઠળ ફંડ ફાળો કરીને અંદાજ ₹ 5ા લાખનું ફંડ ઊભુ થયા બાદ ઑક્સિજન પ્લાન્ટ અને ઑક્સિજન કોન્સન્ટ્રેન્ટ કેસિલિટી માટે લોકફાળાની ઝુંબેશની પહેલ કરાઈ હતી. જેમાં ટ્રસ્ટના એકાઉન્ટનું નામ, નંબર વગેરે લખી દાનની રકમ જમા કરાવવા માટે અપીલ કરાઈ હતી. આ પ્રકારની જાહેર અપીલમાં પહેલા કરતા ચેરિટી કમિશનરની કચેરીમાં પૂછપરછ અને લેખિતમાં અરજી આપવાનું રહ્યું થયું છે. જેના આધારે ચેરિટી કમિશનર વાય.એમ. શુક્લાએ જાનુઆરી-2021માં સ્થાપવામા આવેલા ટ્રસ્ટનું આખુ રેકર્ડ મંગાવી જોતા વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી તેમા ટ્રસ્ટી હોય તેવું જણાઈ આવ્યું ન હતુ. ત્યારબાદ ચેરિટી કમિશનર દ્વારા ટ્રસ્ટને 3 મે, 2021ના રોજ પૂછ્યું હતું કે, ઑક્સિજન પ્લાન સ્થાપવા માટે ઠરાવ કર્યો છે કે કેમ, કલ્ચરેન્ટી પરવાનગી લેવામા આવી છે કે કેમ, જિગ્નેશ મેવાણીની આવી જાહેર અપીલ કરવા માટે ટ્રસ્ટે ઠરાવ કર્યો છે કે કેમ. પરંતુ આ અંગે ટ્રસ્ટ તરફથી ચેરિટી કમિશનરને કોઈ જ જવાબ પાઠવવામા આવ્યો ન હતો. આમ, ટ્રસ્ટ દ્વારા કોઈ જ જવાબ આપવામાં ન હોવા તેમજ લોકો તરફથી અરજી આવતા આ બાબતને ગંભીરતાથી લઈ ટ્રસ્ટનું બેંક એકાઉન્ટ હાલમાં સ્થગિત કરવાનો હુકમ ચેરિટી કમિશનર દ્વારા કરવામાં આવ્યો છે. ઉપરાંત ટ્રસ્ટનું તમામ સાહિત્ય, ઠરાવબુક, રિસીપ્ટ બુકો વગેરે રજૂ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે અને તેની તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા માટે ચેરિટી ઓફિસના ઈન્સ્પેક્ટરને આદેશ કરવામા આવ્યો છે.

ચેરિટી કમિશનર તરફથી બેંકે પરિષ્કત પક્ષ તમામ કચેરીઓને કરવામાં આવ્યો છે કે, આવી મહામારીનો લાભ લઈ ટ્રસ્ટના ઓથા હેઠળ અમુક તત્ત્વો સમાજ સાથે અને સમાજની લાગણી સાથે કોઈ ચેડાં કરે તે અન્વયે ગુજરાતની તમામ કચેરીએ લોકો છેતરાઈ ન જાય તે માટે ખાસ તકેદારી રાખવાની રહેશે. રેમીસિવિર, ઑક્સિજન બોટલ વગેરેમાં સમાજની લાગણી સાથે ચેડાં કરવામાં આવતા હોય અને કંઈ કાળો ભેગા કરી લોકોની લાગણી સાથે ચેડાં કરતા હોય તો તેવી તકેદારી રાખવા ચેરિટી કમિશનરની કચેરી દ્વારા સૂચના અપાઈ છે. ઉપરાંત ટ્રસ્ટનું તમામ સાહિત્ય, ઠરાવબુક, રિસીપ્ટ બુકો વગેરે રજૂ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે અને તેની તપાસ કરી રિપોર્ટ રજૂ કરવા માટે ચેરિટી ઓફિસના ઈન્સ્પેક્ટરને આદેશ કરવામા આવ્યો છે.

ચેરિટી કમિશનરની કચેરી દ્વારા રાજકીય કિન્નાખોરીથી ટ્રસ્ટનું બેન્ક એકાઉન્ટ ફ્રીઝ: જિગ્નેશ મેવાણી

ગાંધીનગર અપક્ષ ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દ્વારા વડગામ વિસ્તારમાં કોરોનાના દર્દીઓ માટે ઓક્સિજન પ્લાન્ટ શરૂ થાય તે માટે જે વી ૫ પીપલ ચેરીટેબલ ટ્રસ્ટ મદદ કરી રહ્યું છે તેના એસબીઆઈ બેંકની રુબિયાલ શાખામાં રાખવા એકાઉન્ટને ચેરિટી કમિશનરની કચેરી દ્વારા સ્થગિત કરી દેવામાં આવ્યું છે. ધારાસભ્ય મેવાણીએ આ મુદ્દે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે જે ટ્રસ્ટ દ્વારા એકાઉન્ટમાં જમા થયેલો એક રૂપિયો જેણે ક્યાં વપરાયો નથી ત્યારે રાજકીય કિન્નાખોરી રાખીને ચેરિટી કમિશનરની કચેરી દ્વારા આ પગલું ભરાયું છે. પોતે આ ટ્રસ્ટના સભ્ય પણ નહીં હોવાનું કહેતા તેમણે કહ્યું હતું કે કોઈ એક માણસ અરજી કરે એટલે આ પગલું લેવામાં આવ્યું છે પરંતુ કચેરી દ્વારા નોટિસ અપાઈ હોવાનો દાવો કરે છે છે પણ કોઈને મોકલવામાં આવી નથી. ટ્રસ્ટને મદદ કરવા માટે મે અપીલ કરી છે તેના કારણે લાવું પગલું તો નહીં ભરાયુંને તેવો સવાલ પણ તેમણે કર્યો હતો.<

કારચાલકે સ્ટિયરિંગ પર કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈને હવામાં ઉછળી રોંગ સાઈડની કાર સાથે અથડાઈ

નવગુજરાત સમય > અમદાવાદ

ગોતા બ્રિજ ઉપર સોમવાર સમી સાંજે કારના ચાલકે કાબૂ ગુમાવતા ડિવાઈડર કૂદી સામેથી આવી રહેલી કાર ઉપર પડી હતી. આ અકસ્માતમાં હવામાં ઊડીને આવેલી કારચાલકની સીટની બાજુની સીટનો દરવાજો ખુલી જતાં તેમાં બેઠેલા વૃદ્ધ બ્રિજ ઉપરથી નીચે પટકાતાં ગંભીરપણે ઈજા પામ્યા હતું. આ અંગે અસ.જ.-1 ટ્રાફિક પોલીસે કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગે સૂત્રો તરફથી જાણવા મળતી પ્રાથમિક માહિતી અનુસાર, સોમવારે સાંજે આશરે સવા પાંચ વાગ્યાના સુમારે કલર્ફુલ રંગની સ્પ્રેટ કાર સોલાથી નિરમા સર્કલ તરફ જઈ રહી હતી. આ દરમિયાન ગોતા બ્રિજ પરથી પસાર થતા સમયે કારના ચાલકે સ્ટિયરિંગ ઉપરનો કાબૂ ગુમાવતા કાર હવામાં ઊછળી રોડ ડિવાઈડર ઉપર લગાડેલા પોલ સાથે અથડાયા બાદ સામેની બાજુથી પસાર થતી ઈનોવા કારસાથે ધડાકાભેર અથડાઈ મલ્ટર ખાવા લાગી હતી. આ દરમિયાન સ્પ્રેટરની ડ્રાઈવર સીટની બાજુની સીટ પાસેનુ દરવાજો ખુલી જતા તેમા બેઠેલા વેજલપુરના રહીશ નયનભાઈ પરમાર નામની વ્યક્તિ હવામાં ફંગોળાઈ બ્રિજની નીચે પડતાં ગંભીર રીતે ઘવાઈ હતી. તેમને સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં લઈ જવાતા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

કારમાં બેઠેલા અન્ય ત્રણ વ્યક્તિને પણ ઈજા થતાં સોલા તથા અસારવા સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજા બાજુ ઈનોવા કારમાં સવાર માલિક રાજેશભાઈ પરમાર તથા ડ્રાઈવર જિતેન્દ્રભાઈ પરમારને પણ ઈજાઓ થતાં સારવાર માટે લઈ જવાયા હતા. ગમખ્વાર અકસ્માત જોતા જ બ્રિજ ઉપરથી પસાર થતાં અન્ય વાહનચાલકે મદદે દોડ્યા હતાં તથા તમામ ઈજાગ્રસ્તોને જરૂરી મદદ પહોંચાડી હતી. આ દરમિયાન પોલીસને જાણ થતા એસ.જ.-1 ટ્રાફિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે દોડી ગયો હતો તથા પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ અંગે પોલીસે ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી હોવાનુ સૂત્રોએ ઉમેર્યું હતું.

ગોતા બ્રિજ પર એક કાર બીજી કાર પર ઊડીને પડી દરવાજો ખુલી જતા પુલ પરથી યુવક પટકાતા મોત

તસવીર : જિજ્ઞેશ ઠોરા

નિકોલમાં ધો-9ની વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજરનાર ટ્યૂશન ટીચરના પતિની ધરપકડ

એક વર્ષ બાદ કિશોરીએ પરિવારને જાણ કરતા ફરિયાદ નોંધાઇ

નવગુજરાત સમય > અમદાવાદ

નિકોલમાં ધો.૯માં અભ્યાસ કરતી એક વિદ્યાર્થિની પર બળાત્કાર ગુજરાયો હોવાની ફરિયાદ થઈ છે. વિદ્યાર્થિની એક વર્ષ પહેલાં ટ્યૂશન ક્લાસીસમા ગઈ ત્યારે ક્લાસીસ ચલાવતી ટ્યૂશન ટીચરના પતિએ બળાત્કાર ગુજર્યો હતો. તે સમયે ઘટનાથી ડ્રાઈ ગયેલી વિદ્યાર્થિનીએ આ ઘટનાની જાણ કોઈને કરી નહીં પરંતુ એક વર્ષ બાદ મહિલાના પતિની હેવાનિયતની હકીકત વિદ્યાર્થિનીના પરિવારજનોને ખબર પડી તો તેમણે નિકોલ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. પોલીસે આ મામલે કિશોરીનુ મેડિકલ કરાવી બળાત્કાર ગુજરનાર ટ્યૂશન ટીચરના પતિની ધરપકડ કરી છે.

એક વર્ષ પહેલાં નિકોલ વિસ્તારમાં રહેતી એક મહિલા પરિવેષ્ટ્યૂશન ક્લાસીસ ચલાવતી હતી. રવિવારના દિવસે ટ્યૂશન ક્લાસીસમાં પરીક્ષા હોવાના કારણે તમામ વિદ્યાર્થિઓ આવ્યા હતા. ટ્યૂશન ક્લાસીસમાં પરીક્ષા પૂરી થતાં મહિલાના પતિએ તમામને ઘરે જવાનું કહ્યું હતું. પરંતુ પોરક્ષ નવમા અભ્યાસ કરતી એક વિદ્યાર્થિનીને બેસી રહેવાનું કહેતા વિદ્યાર્થિની ગભરાઈને બેસી રહી હતી. આ સમયે ઘરમાં કોઈ હાજર ન હતું. જેથી તકનો લાભ લઈ મહિલાના પતિએ તેના પર બળાત્કાર ગુજર્યો હતો. વિદ્યાર્થિનીએ આ ઘટના ઘરે કોઈને કહી ન હતી. પરંતુ તના પરિવારજનોને આવી જાણ થતાં તેમણે વિદ્યાર્થિનીને પૂછ્યું હતુ. જ્યાં તેણે સમગ્ર હકીકત કહી દીધી હતી. નિકોલ પોલીસે આ મામલે ટ્યૂશન ટીચરના પતિ વિરૂદ્ધ પોક્સો એક્ટ હેઠળ રેપનો ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે અને આરોપીની પરપકડ કરી છે.

અન્ય વિદ્યાર્થિનીઓ સાથે આવું કૃત્ય આચર્યું ?તપાસ જારી

પોલીસ તપાસમા સામે આવ્યું છે કે અકિક આરોપી જગદીશ રોકાણો નિકોલમાં જ રહે છે. તેની પત્ની ટ્યૂશન ક્લાસ ચલાવે છે. આરોપી અમ તો નાસ્તાની લારી ચલાવે છે પણ રવિવાર હોવાથી તે ઘરે હતો અને તે દિવસે વિદ્યાર્થિનીની પરીક્ષા લેવામા આવી રહી હતી, પરીક્ષા બાદ એકલતાનો લાભ લઇ આરોપી જગદીશે સગીરા પર બળાત્કાર ગુજર્યો હતો. આરોપીએ એક વિદ્યાર્થિની સાથે કુકર્મ આચર્યું કે અન્ય કોઇ વિદ્યાર્થિનીઓ સાથે પણ આ દરકિત કરી ગુજર્યો છે કે બાબત પણ પોલીસે તપાસ શરૂ કરી છે.

બીભત્સ વીડિયો અને બીભત્સ મેસેજ કરી ત્રાસ આપતો

કૃષ્ણનગરમાં પાડોશી યુવકે સગીરાનો કપડાં બદલતો વીડિયો ઉતાર્યો

નવગુજરાત સમય > અમદાવાદ

વીડિયો વહેતો કરવાની ધમકી આપી વોટ્સેપ પર વાતો કરવાર સામે ફરિયાદ

કૃષ્ણનગરના નવા નરોડામાં 16 વર્ષીય સગીરાનો પાડોશી યુવકે કપડાં બદલતો વીડિયો બનાવી લીધો હતો. બાદમાં વીડિયો વાયરલ કરવાની ધમકી આપી વોટ્સએપ પર વાતો કરતો હતો. આ ઉપરાંત બીભત્સ વીડિયો મોકલી વીભત્સ વાતો કરતો અને પાકમકી આપતો હતો. જેથી તંગ આવીને સગીરાએ આ અંગેની જાણ તેની માતાને કરતા માતાએ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાડોશી યુવકના વિરૂદ્ધમાં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

નવા નરોડા વિસ્તારમાં 43 વર્ષીય મહિલા પતિ અને 16 વર્ષીય દીકરી અને એક દીકરા સાથે રહે છે. છેલ્લા કેટલાક દિવસથી દીકરી ટેન્શનમાં રહેતી હતી. ચાર દિવસ પહેલા સગીરાએ માતાને જણાવ્યું હતું કે, બે મહિના પહેલા પાડોશમાં રહેતા યુવકે મને વોટ્સએપ કોલ કર્યો હતો અને ધમકી આપી હતી કે તારો ૫૫૪ મહદલ્લો વીડિયો મારી પાસે છે. જો તું મારી સાથે વાત નહીં કરે તો હું આ વીડિયો વાયરલ કરી દઈશ તથા તારા પરિવારને હાની પહોંચાડીશ. ત્યારે સગીરાએ પરિવારની સલામતી માટે તેની સાથે વાતચીત રાકૂ કરતા યુવકે તેને વોટ્સએપ કોલ કરતો અને બીભત્સ વાતચીત કરતો હતો. કિશોરી તેને બ્લોક કરી વાત કરવાની બંધ કરી દીધી હતી. જો કે, ફોન કરી યુવકે કરી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી. જેથી સગીરાએ તેને અનબ્લોક કરી વાત કરવા લાગી હતી. પરંતુ કિશોરીને બીભત્સ વીડિયો મોકલવાનું પણ ચાલુ રાખ્યું હતું. જેથી કંટાળી તેણે આ બાબતે પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી.

લાંચિયા ડો. નરેશ મલ્હોત્રાને કોવિડના દર્દીઓની સારવાર કરવાની શરતે જામીન મંજૂર

નવગુજરાત સમય > અમદાવાદ

સીમ્સ હૉસ્પિટલનું બિલ મંજૂર કરવા માટે 3.મુનિ. હેલ્થ ઑફિસર વતી 15 લાખની લાંચ માગનાર ડૉ. નરેશ મલ્હોત્રાને સ્પે. એસીબી કોર્ટે જામીન પર મુક્ત કર્યા છે. કોર્ટે ચુકાદામાં એવી નોંધ મૂકી છે કે, આ ડૉક્ટર કોવિડની સારવારનો સારો અનુભવ ધરાવે છે. મેડિકલ સ્ટાફની તીવ્ર અછત છે. આરોપી સામેનો કેસ લાંબો સમય ચાલે તેમ છે ત્યારે આરોપી ડૉક્ટર તરીકેની સેવાનો લાભ અમદાવાદની સિવિલ હૉસ્પિટલ અથવા એમેમસીની હૉસ્પિટલોમાં લેવા હેલ્થ ઑફિસરને સૂચના આપવામાં આવી છે.

આરોપીનો ડૉક્ટર તરીકેની સેવા સિવિલ

સીમ્સ હૉસ્પિટલનું બિલ મંજૂર કરવા માટે 3.મુનિ. હેલ્થ ઑફિસર વતી 15 લાખની લાંચ માગનાર ડૉ. નરેશ મલ્હોત્રાના કોર્ટે અગાઉ જામીન ફગાવી દીધા હતા. આ મામલે ચાર્જશીટ થયા બાદ આરોપીએ રેગ્યુલર જામીન માટે અરજી કરી એવી રજૂઆત કરી હતી કે, તપાસ પૂરી થઈ ગઈ છે. હાલમાં કોવિડના દર્દીઓની સારવાર માટે તીવ્ર અછત છે ત્યારે મેરિટના દર્દીઓ માટે મારાં અનુભવનો લાભ આપવા માટે તૈયાર છું. કોર્ટે પાસે જામીન આપવાની સત્તા છે, કાયમી રહેઠાણ પરાવુ છું તેથી કોર્ટે જામીન આપવા જોઈએ.

જામીન અરજીનો વિરોધ કરતા મુખ્ય સરકારી વકીલ પ્રવીણ ત્રિવેદીએ કહ્યું હતુ કે, ચાર્જશીટ થય એટલે આરોપીને જામીન પર મુક્ત કરવો જરૂરી છે. આરોપીદ્વારા સાક્ષીઓને ટેમ્પર કરે તેવી પૂરી શકયતા છે. જેથી જામીન આપવા જોઈએ નહીં. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી ડૉક્ટરને શરતી જામીન મંજૂર કર્યા છે.

એરપોર્ટ મેનેજરના નામે ફોન કરી નોકરીના બહાને યુવાનો સાથે ઠગાઈ

સરસપુરના યુવકે ઠગ વ્યક્તિ સામે સાઈબર ક્રાઈમ સેલમાં ફરિયાદ કરી

નવગુજરાત સમય > અમદાવાદ

શહેરમાંયેનકેનપ્રકારે ઓનલાઈનછેતરપિંડીના કિસ્સા જનતા રહેછે. આવાજએકકેસનાબનેલ સરસપુર ખાતે રહેતા યુવકને અજાણી વ્યક્તિએ ફોન કરી એરપોર્ટ મેનેજર તરીકેની ઓળખ આપી નોકરી અપાવવાની લાલચ આપી તેની તથા અન્ય છ યુવાનો પાસેથી નાણા પડાવી છેતરપિંડી આચરી હતી. આ અંગે યુવકે સાઈબર ક્રાઈમ સેલ ખાતે ફરિયાદ નોધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે પોલીસ સૂત્રો અનુસાર, સરસપુરમાં આવેલી પતરવાળી ચાલી ખાતે રહેતા 24 વર્ષીય મેહુલકુમાર જયંતિભાઈ પટલી છેલ્લા ચાર વર્ષથી માધવપુરા માર્કેટમાં આવેલી ડ્રાઇફ્રુટની દુકાનમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. થોડા સમય અગાઉ તેમના મોબાઈલ ફોનમાં અજાણી વ્યક્તિનો ફોન આવ્યો હતાં જેણે પોતાની ઓળખ એરપોર્ટ મેનેજર તરીકે આપી નોકરી અપાવવાની વાત કરી હતી. મેહુલકુમાર સારી નોકરીની લાંચમાં હોવાથી તમણે નોકરી માટે હા પાડતા ફોન કરનાર વ્યક્તિએ આધાર કાર્ડ, ફોટો, પરાનું લાઈટબિલ વગેરે વસ્તુઓ માગેવાની સાથે ₹ ૯૯૯ હજાર ભરવાનું જણાવી બેંક ઓફ બરોડાનો એકાઉન્ટ નંબર આપ્યો હતો.

મેહુલકુમાર પાસે ઓનલાઈન બેન્કીંગની સુવિધા ન હોવાથી તેઓ સરસપુર ખાતે આવેલી મોબાઈલની દુકાનમાં જઈ ઓનલાઈન નાણા ટ્રાન્સફર કરાવ્યા હતાં તથા દુકાનદારને રોકડ નાણાં આપ્યા હતાં. નોકરી અંગે તેમણે તેમના મિત્રોને વાત કરતાં અન્ય છ મિત્રોએ પણ નોકરીની તેમારી ભલામણ વ્યક્તિ દીઠ ₹ ૯૯૯ હજાર ટ્રાન્સફર કર્યા હતાં. ત્યારબાદ નોકરી અંગેની કોઈ કાર્યવાહી કરતાં મેહુલકુમાર તથા અન્ય યુવકોએ એરપોર્ટ મેનેજર તરીકે ઓળખાણ આપનાર શખ્સને ફોન કર્યો હતાં પરંતુ તેણે ફોન ઉપાડ્યાનું જણાવ્યું હતું કે તા છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવ્યો હતો. આ અંગે સાઈબર ક્રાઈમ સેલએ અજાણી વ્યક્તિ વિરૂદ્ધ ગુનો નોંધી બેંક એકાઉન્ટની વિગતોના આધારે આગળની તપાસ હાથ ધરી હતી.

કોરોના હર્યો | નિયમિત નાસ્તા, લીબું-મરીનું પાણી, ફળો અને તેનો રસ, મગનું પાણી તથા સાત્વિક ખોરાક ફાયદારૂપ

અનેક બીમારી છતાં હોસ્પિટલમાં દાખલ થયા વિના 75 વર્ષના શકુંતલાબહેને કોરોનાને મ્હાત આપી

નવગુજરાત સમય > અમદાવાદ

વેક્સિનના બંને ડોઝ લીધાં હોવા છતાં જો કોરોના થાય તો ગંભીર કોમોર્બિડ સ્થિતિમાં પણ હિમતપૂર્વક કોરોનાને હરાવી શકાય છે તેનું એક તાજા ઉદાહરણ છે મેમનગર વિસ્તારમાં રહેતાં 75 વર્ષના શકુંતલાબહેન રાજપૂત. તેઓ ૨૩ એપ્રિલે કોરોના સંક્રમિત થયા હતાં. તેમણે અને તેમના પતિ સીતારામસિંહે વેક્સિનનાં બીજો ડોઝ લીધાં પછી તેમને તાવ આવતો હતો. બે તાવ બે દિવસ પછી પણ ન ઉતરતાં તેમણે કોરોનાનો ટેસ્ટ કરાવ્યો હતો.

શકુંતલાબહેનને બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ, પ્રવાહિટીસ, હાઇપર ટેન્શન, લોહી જાડું થવું, એલર્જી, અસ્થમા તેમજ પ્રોટિન ચરબી ઓપરેશન કરી તેને કાઢવી નાખેલ. તેમણે આખના મોતિયાનું તેમજ રેટિનાનું ઓપરેશન થોડા મહિનાઓ પહેલા જ કરાવું છે. તેઓને કિડનીમાં પથરી પણ છે. આમ અનેક રોગોની દવાઓ છેલ્લા કેટલાક વર્ષોથી ચાલે છે. આમ છતાં હરે જે સારવાર લઈ કોરોનામાંથી મુક્તિ મેળવી છે.

તેમના પતિના જણાવ્યા મુજબ તેમના પુત્રવધૂ અને પૌત્રીને પણ કોરોના પોઝિટિવ આવ્યા હતા. તેમના પુત્રવધૂને સિવિલમાં દાખલ કર્યા હતા. પત્ની અને પુત્રવધૂનું તેમણે એકલા હાથે ધ્યાન રાખ્યું. કોરોનામુક્ત થયા પછી નિયમિત નાસ લેતાં હતાં તેમજ લીબું મરીનું પાણી, ફળો અને તેનો રસ, મગનું પાણી તથા સાત્વિક ખોરાક લેતા હતાં. એક સમયે ઑક્સિજન લેવલ 60થી પણ ઘટી ગયું હતું. આ સ્થિતિમાં ત્યાગ નામની સંસ્થાની મદદથી તેમણે ઘરે જ ઑક્સિજન કોન્સન્ટ્રેટની વ્યવસ્થા પણ કરી હતી. તેમ છતાં હાર માન્યા વગર અને ગભરાયા વગર શકુંતલાબહેન સાજા થયા. જે એક પ્રેરણાદાયી કિસ્સો ગણાય. આ કોરોનાગ્રસ્ત સમય દરમિયાન તેમના પતિ સીતારામસિંહ રાજપૂત ૭૯ વર્ષની ઉમર છતાં પત્નીની નજીક જઈને તમામ પ્રકારની કાળજી લઈને તેમની સારવાર કરતા હતા. તમામ પ્રકારની ખાવા-પીવા તથા દવા આપવાની કાળજી તેઓએ લીધી અને છતાં કોરોના સંક્રમિત થયા નથી. રાત્રે જાગીને તેમની પત્નીના રૂમ ભણી ખુરસીમાં બેસી રહેતા હતા. તેમણે જણાવ્યું કે અમને દરેક સમયે નાસ્તો અને ભોજન વિવિધ સંસ્થાઓની મદદથી ઘર મળી ગયું છે. અમે એ દરેક સંસ્થાના આભારી છીએ.

ચેલો બનાવવાની ના પાડતાં જાતે કિન્નર બનેલો શખ્સ તલવાર લઈ ઘરમાં ઘૂસી ગયો

નવગુજરાત સમય > અમદાવાદ

નરોડા રોડ ખાતે રહેતા કિન્નરે જાતે કિન્નર બની ગયેલા શખ્સને ચેલા બનાવવાની ના પાડતાં તે તલવાર લઈ ઘરમાં ઘૂસી આવ્યો હોવાની ફરિયાદ શહેરકોટડા પોલીસ મથક ખાતે નોધાઈ હતી.

આ અંગે પોલીસ સૂત્રો અનુસાર, ગા વર્ષીય કૃલનગીરી છપ્પન ભારેય (નામ) નરોડા રોડ ઉપર આવેલી રેતિલાલ ગિરધરલાલની ચાલી ખાતે રહે છે તથા કિન્નર તરીકે માંગી ખાઈ પોતાનું ગુજરાન ચલાવે છે. કૃલનગીરીએ નોધાવેલી ફરિયાદ અનુસાર, નરોડા પાટિયા રામાપીરના મંદિર પાસે રહેતો પ્રમોદકુમાર કાલીચરણ ઉર્ફે પ્રેમિલા માસી તેમને અવાર-નવાર પોતાનો ચેલો બનાવવા માટે દબાણ કરતા હતા પરંતુ તે પોતાની જાતે જ માસી બની ગયો હોવાથી કૃલનગીરીએ તેને ચેલો બનાવવાની ના પાડી હતી.

આ દરમિયાનમા શનિવારે રાત્રે આશરે સાડા અગિયાર વાગ્યા ના સુમારે કૃલનગીરી પોતાના ઘરે હાજર હતા ત્યારે પ્રેમિલા માસી શખ્સ તલવાર લઈ ઘરમાં ઘૂસી આવ્યો હતો અને ગાળો બોલી તમ કેમ મને તમારો ચેલો બનાવતા નથી તમ કહી ઝપાઝપી કર્યો હતો. પ્રેમિલા માલીએ તલવાર બતાવી ધમકી આપી મકાનો પોતાના નામે કર્યા આપવા નહીં તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે કૃલનગીરીએ નોધાવેલી ફરિયાદના આધારે શહેરકોટડા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી.

નરોડાનો બનાવ

ટોરેન્ટ પાવર લીમીટેડ

જાહેર નોટિસ

[illegible]

ટોરેન્ટ પાવર લીમીટેડ

ભવદીય/-

ટોરેન્ટ પાવર લીમીટેડ

(ડોમેસ્ટિક સર્વિસ)

iper.navgujaratsamay.com